ગુજરાતમિત્ર

## ગતિવિધિ

### કલેક્ટર સહિત તમામ કચેરીઓમાં રાષ્ટ્રીય એકતા દિવસે અધિકારીઓએ શપથ ગ્રહણ કર્યા



**વડોદરા :** સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ તા.૩૧ ઓકટોમ્બરના દિવસને "રાષ્ટ્રીય એકતા દિવસ" તરીકે ઉજવણી કરવામાં આવે છે.આ પર્વની ઉજવણીના ભાગરૂપે વડોદરા શહેર જિલ્લાની તમામ સરકારી કચેરીઓમાં અધિકારીઓ અને કર્મયોગીઓએ રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે દેશની એકતા અને અખંડિતતા માટે શપથ લીધા હતા. વડોદરા કલેકટર કચેરી ખાતે કોન્ફરન્સ હોલમાં કલેકટર બીજલ શાહ,નિવાસી અધિક કલેકટર ડો.બી.એસ.પ્રજાપતિ સહિત કચેરીના સૌ અધિકારીઓ તેમજ જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરા સહિત તમામ શાખાધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા શપથ લેવામાં આવ્યા હતા. આ સાથે જિલ્લાની તમામ સરકારી કચેરીઓના અધિકારીઓ અને કર્મયોગીઓ રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે દેશની એકતા-અખંડિતતા માટે સંકલ્પબદ્ધ થયા હતા.

### વડોદરા પ્રાદેશિક માહિતી કચેરીના કર્મયોગીઓએ રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે શપથ ગ્રહણ કર્યા



**વડોદરા :** દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર સાહેબની જન્મ જયંતી તા.૩૧ ઓક્ટોમ્બરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.પ્રાદેશિક માહિતી કચેરી વડોદરાના કર્મયોગીઓ દ્વારા ભારતની એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે કચેરીના તમામ કર્મયોગીઓએ ભારતની એકતા અખંડિતતા માટે શપથ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે કચેરીના સૌ અધિકારી કર્મયોગીઓ હાજર રહયા હતા.

### વડોદરા જિલ્લા પંચાયતની આર્યુવેદ શાખા દ્વારા નવમા રાષ્ટ્રીય આર્યુવેદ દિવસની ભવ્ય ઉજવણી



**વડોદરા :** ભારત સરકારના આયુષ મંત્રાલય તથા નિયામકશ્રી, આયુષની કચેરી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરના નિદર્શનમાં જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરાના માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયતની આર્યુવેદ શાખા દ્વારા નવમા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ -૨૦૨૪ની ઉજવણી "Ayurveda Innovation for Global Health" (વૈશ્વિક સ્વાસ્થ્ય માટે આયુર્વેદ નવીનતા) થીમ સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે મશાલ રેલી અને ધન્વન્તરી પૂજન અને ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન થકી આયુષનો પ્રચાર જનસંદેશ,જનભાગીદારી તથા જનઆંદોલન દ્વારા વધુને વધુ લોકો સુધી પહોંચે તેને માટે સમગ્ર ટીમ આયુષ દ્વારા સફળતાપૂર્વક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના કમાટીબાગ ખાતેથી રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી અંતર્ગત આયુર્વેદ મશાલ અને આયુષ ધ્વજ સાથે વિશાળ મશાલ રેલી યોજાઈ હતી જેમાં આયુર્વેદ સાંસદ ડો.હેમાંગભાઈ જોષી, ડે. મેયર, ડે. મ્યુનિસિપાલ કમિશનર, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન, કોર્પોરેટરઓ તથા સ્પોટર્સ ક્ષેત્રના સેલીબ્રીટીઓ જેવા કે મયુર સિંહજી ( ઇન્ટરનેશનલ બોક્સીંગ પ્લેયર) તથા રોનિત જોષી (યુની સાયકલ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર)ના મહાનુભાવો જોડાયા હતા.સાંસદે વડોદરા વાસીઓને આયુર્વેદ પધ્ધતિ અપનાવી સ્વાસ્થ્ય જાળવા અનુરોધ કર્યો હતો.

### CGST કમિશનરની કચેરી દ્વારા કરદાતાઓ માટે ફરિયાદ નિવારણ શિબિરનું આયોજન કરાયું

**વડોદરા :** CGST કમિશનરની કચેરી દ્વારા વડોદરા,હાલોલ,ભરૂચ અને અંકલેશ્વર ખાતે કરદાતાઓ માટે ફરિયાદ નિવારણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે તકેદારી સપ્તાહની ઉજવણી નિમિત્તે તા.૪ નવેમ્બરે યોજાનાર શિબિરનો લાભ લેવા કરદાતાઓને અનુરોધ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય તકેદારી આયોગ દ્વારા ₹સત્યનિષ્ઠાની કાર્ય સંસ્કૃતિ થકી રાષ્ટ્રની સમૃદ્ધિ₹ની થીમ સાથે તા.૨૮ ઓક્ટોબર થી તા.૩ નવેમ્બર,૨૦૨૪ દરમિયાન તકેદારી જાગૃતિ સપ્તાહ ઉજવવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે CGST કમિશનરની કચેરી, વડોદરા દ્વારા તા. ૪, નવેમ્બરના રોજ સવારે ૧૧ કલાકથી બપોરના ૧.૩૦ કલાક સુધી વડોદરા, હાલોલ, ભરૂચ અને અંકલેશ્વર કચેરી ખાતે કરદાતાઓ માટે ફરિયાદ નિવારણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે કમિશનરની કચેરી, CGST અને CE, વડોદરા-II GST ભવન, સુભાનપુરા, વડોદરા,મદદનીશ કમિશનરની કચેરી, વિભાગ I, II અને III, CGST હાલોલ. પ્લોટ નં. 622, સામે. શૈલી એન્જીનીયરીંગ, જીઆઈડીસી, હાલોલ, મદદનીશ કમિશનરની કચેરી, વિભાગ VI અને VII, CGST ભવન, B/h અમીધારા ટાઉનશીપ, સામે. ગુજરાત ગેસ કંપની, કણબીવગા, ભરૂચ, મદદનીશ કમિશનરની કચેરી, વિભાગ VIII/IX/X/XI, સેન્ટ્રલ GST, C/4/9,રોશન સિનેમા પાસે. સેન્ટ્રલ GST અને સેન્ટ્રલ એક્સાઈઝ રોડ, અંકલેશ્વર ખાતે ફરિયાદ નિવારણ શિબિર યોજાશે.જેનો લાભ લેવા કરદાતાઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

**દિવાળી પૂર્વે એકતા નગરને મળી વિકાસની ભેટ**

# વડાપ્રધાનના હસ્તે એકતાનગર ખાતે રૂ.284 કરોડથી વધુના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

**દિવાળીની** પૂર્વ સંધ્યાએ એકતાનગરને વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની મોટી ભેટ:રૂ.૨૮૪ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું

**વિશ્વની** સૌથી ઊંચી પ્રતિમાના સ્થળે નવા પ્રોજેક્ટ્સનો પ્રારંભ





(પ્રતિનિધી) રાજપીપળા, ૩૦

પ્રકાશપર્વ દિવાળી અને દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની પુર્વ સંધ્યાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકતા નગરને મોટી ભેટ આપતાં રૂ. ૨૮૪ કરોડથી વધુના વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.

આ અવસરે તેમણે નવા પ્રવાસન અને આકર્ષણ કેન્દ્રોની સાથે સાથે પ્રવાસન કાર્યના વિકાસને પ્રોત્સાહન આપતાં પ્રોજેક્ટ્સનું અનાવરણ કર્યું હતું, જે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારને વધુ વૈશ્વિક પ્રતિષ્ઠા અપાવશે.તેમજ એકતાનગર ખાતે આવતા પ્રવાસીઓને વૈશ્વિક કક્ષાની સવલતો પ્રાપ્ત થશે.વિશ્વની ઊંચી પ્રતિમા આસપાસ નવી સગવડો અને આરોગ્યપ્રદ સેવાઓનો ઉમેરો: વિશ્વ પ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી આજકાલ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. આ વૈશ્વિક પ્રવાસન સ્થળની સ્થાપનાને વધુ મજબૂત બનાવવા માટે આજે વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ થયું. બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટર જેવા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ અને ૫૦ બેડની ક્ષમતા ધરાવતી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના ઉદ્ઘાટન સાથે હવે એકતા નગરમાં આરોગ્ય અને જનસુવિધાઓ બંનેને નવી ઉંચાઈ મળી છે. આધુનિક આરોગ્યસુવિધાઓ અને સ્માર્ટ શહેરી આયોજનનો પ્રારંભ: વડાપ્રધાનએ ૨૨ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું, જેની સાથે ટ્રોમા સેન્ટર, સિટી સ્કેન, ICU, લેબર રૂમ અને ઓપરેશન થિયેટર જેવી પ્રાથમિક આરોગ્યસુવિધાઓ નાગરિકો માટે ઉપલબ્ધ થશે. આ સાથે, ICU ઓન-વ્હીલ્સની નવી સેવાઓ પણ શરુ કરવામાં આવી છે, જેને કારણે વિકટ પરિસ્થિતિઓમાં પણ તાત્કાલિક સારવાર ઉપલબ્ધ થશે.

ટ્રાફિક વ્યવસ્થાપન અને એકતાનગરની સુંદરતાને વધારવા માટે એકતા નગરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક સર્કલ્સ બ્યુટીફિકેશન બનાવવામાં આવ્યા છે. ૧૦ સ્માર્ટ બસ સ્ટોપ અને ૧૦ પિક-અપ સ્ટેન્ડના નિર્માણ સાથે નગરની સગવડો વધારવામાં આવી છે, જેના પ્રથમ તબક્કાનું લોકાર્પણ આ સમારોહમાં થયું. શિલ્પકલા અને સૌંદર્ય સાથે પ્રવાસન વિકાસને વેગ: જુલાઈ ૨૦૨૪માં SAPTI સંસ્થાના સહયોગથી યોજાયેલા ૨૦ દિવસના શિલ્પ સિમ્પોઝિયમના ભાગરૂપે 'પાણી, પ્રકૃતિ અને એકતા' પર આધારિત ૨૪ શિલ્પકૃતિઓ બનાવવામાં આવી હતી. આ શિલ્પો હવે એકતા નગરના વિવિધ જાહેર સ્થળોએ સ્થાપિત કરવામાં આવ્યા છે, જે શહેરના પ્રવાસન અને આકર્ષણમાં વધારો કરશે. વડાપ્રધાનએ બસખાડીથી વ્યુપોઈન્ટ-૧ સુધીના વૉકવે તેમજ એકતા દ્વારથી શ્રેષ્ઠ ભારત ભવન સુધીના નવનિર્મિત માર્ગોના પ્રથમ તબક્કાનું પણ ઉદ્ઘાટન કર્યું.

સૌંદર્ય અને પર્યાવરણ સંરક્ષણ સાથે રિન્યુએબલ એનર્જીનું પ્રોત્સાહનમાં વડાપ્રધાનએ રૂ. ૨૩.૨૬ કરોડના ખર્ચે ૪ મેગાવોટ સોલાર પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કર્યું, જે એકતા નગરને હરિત ઉર્જાના માર્ગે આગળ વધારશે. પર્યાવરણ સંરક્ષણના હેતુથી બોન્સાઈ ગાર્ડન અને મિયાવાકી ફોરેસ્ટના વિસ્તરણ સાથે પ્રકૃતિપ્રેમીઓને અનોખો અનુભવ મળશે.સુરક્ષા અને લચીલા વિકાસ માટેની મહત્વની યોજના: ૨૦૨૩માં આવેલા પૂરનાં નુકસાનને ધ્યાનમાં રાખીને કેક્ટસ ગાર્ડન નજીક પ્રોટેક્શન વોલનો વિસ્તાર કરવામાં આવશે, જે પ્રવાસીઓને સુરક્ષિત પર્યાવરણ અને વધુ સગવડો આપશે. સાથે જ, ગરૂડેશ્વર ખાતે રૂ. ૬૦ કરોડના ખર્ચે હૉસ્પિટાલિટી ડિસ્ટ્રિક્ટના પુનર્વિકાસ માટે જમીનનું સ્તર ઊંચું કરવાનું કામ હાથ ધરાયું છે, જેથી ભવિષ્યમાં પૂરથી સુરક્ષા મળે અને વિકાસ યથાવત્ રહે.

નિગમિત વિકાસ અને સુંદર ભવિષ્યની દિશામાં પ્રગતિ: આ પ્રોજેક્ટ્સના લોકાર્પણ સાથે એકતા નગર માત્ર પ્રવાસન માટે નહીં, પરંતુ ટકાઉ વિકાસ અને નાગરિક સુવિધાઓ માટે પણ દેશભરમાં મોડેલ બનશે.એકતા નગર મજબૂત માળખાગત વિકાસ અને પર્યાવરણપ્રેમી નીતિઓના સંગમનું પ્રતિક બનશે.આ પ્રવાસન સ્થળ પ્રવાસીઓ માટે મનમોહક બની રહેશે. પ્રધાનમંત્રીએ એકતાનગર ખાતે સાકાર થઈ રહેલા પ્રકલ્પ-પ્રોજેક્ટ પ્રદર્શનિનું નિરિક્ષણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય સચિવ રાજકુમાર, નર્મદા નિગમના CMD અને SOU ઓથોરિટીના ચેરમેન મુકેશ પુરી, SOUના મુખ્ય કારોબારી અધિકારી ઉદિત અગ્રવાલ, નાયબ વન સંરક્ષક અગ્નીશ્વર વ્યાસ અને અધિક કલેક્ટર નારાયણ માધુ તથા ગોપાલ બામણિયા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

**આચાર્ય દેવવ્રતજીની શુભકામનાઓ**

# હર ઘરમાં હર હંમેશ ખુશીઓના દીવડા દૈદિપ્યમાન રહે : રાજ્યપાલ

**પરિવારના** સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનો જ ઉપયોગ કરવાનો દિપાવલી અને નૂતન વર્ષે સંકલ્પ લેવા સહુ નાગરિકોને રાજ્યપાલનો અનુરોધ

(પ્રતિનિધી) વડોદરા, તા.30

દિપાવલી અને નૂતન વર્ષના શુભ અવસરે હાર્દિક શુભકામનાઓ પાઠવતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું છે કે, અંધકારમાંથી અજવાળા તરફના પ્રયાણનું આ પર્વ પરિવારમાં સ્નેહ અને શાંતિની વૃદ્ધિ તથા સમૃદ્ધિના માર્ગે લઈ જતા નવા સંકલ્પોનું પર્વ છે. સૌના સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને સંસ્કારમાં વૃદ્ધિ થતી રહે તથા હર ઘરમાં હર હંમેશ ખુશીઓના દીવડા દૈદિપ્યમાન રહે એવી આ દીપોત્સવે શુભકામનાઓ. શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પરિવાર અને સમાજની સુદ્રઢતાનો આધાર આપણા સ્વાસ્થ્ય પર નિર્ભર છે. સ્વસ્થ સમાજના નિર્માણ માટે આવશ્યક છે કે, આપણે આપણા આહારમાં પ્રાકૃતિક કૃષિ પેદાશોને પ્રાધાન્ય આપીએ. રસાયણમુક્ત, પૌષ્ટિક ખાદ્ય પદાર્થ આપણા શરીર માટે તો હિતકારી છે જ, પર્યાવરણ સુરક્ષા માટે પણ સહાયક છે. દિપાવલી અને નૂતન વર્ષે પરિવારના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનો જ ઉપયોગ કરવાનો સંકલ્પ લેવા તેમણે સહુ નાગરિકોને અનુરોધ કર્યો છે. તેમણે કહ્યું કે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહનથી સ્વાસ્થ્ય તો સુધરશે જ, આપણા ખેડૂત પરિવારોના જીવન પણ સમૃદ્ધ થશે, ખુશહાલ થશે. દિપોત્સવ અને નૂતન વર્ષે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ મંગલ શુભકામનાઓ પાઠવતાં પરસ્પરના પ્રયત્નોથી સમાજમાં સ્નેહ, શાંતિ અને સહયોગના દીપ પ્રગટાવવા અને દેશને સમૃદ્ધિ અને વિકાસના માર્ગે લઈ જવાનો અનુરોધ કર્યો હતો.

# આરોગ્ય ભારતી દ્વારા ધન્વંતરિ પૂજનનો કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધી) વડોદરા, તા.30

મંગળવારે ધનતેરસ તથા ધન્વંતરિ પૂજનના શુભ પર્વે આરોગ્ય મિત્ર, આરોગ્ય ભારતી ગુજરાત દક્ષિણ પ્રાંત, વડોદરા સાથે જ JHNHMC, HMAI દ્વારા કાઠિયાવાડી રામદેવ સમાજ તથા અન્ય સંસ્થાઓની વિશેષ ઉપસ્થિતિમાં શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા વાઘોડિયારોડ સ્થિત પ્રભુનગર ખાતેના જૈન દેરાસર પાસેના પ્રભુ ક્લિનિક મુકામે સવારે 9 થી 10 વાગ્યે ભગવાન શ્રી ધન્વંતરિ પૂજન તેમજ સ્તવન અને સૌના જીવ કલ્યાણ હેતુ 'સ્વસ્થ વ્યક્તિ, સ્વસ્થ પરિવાર, સ્વસ્થ ગામ અને સ્વસ્થ રાષ્ટ્ર'ના મંત્રને ચરિતાર્થ કરવામાં આવી હતી સાથે જ પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી સાથે જ શાંતિ મંત્ર તેમજ પર્યાવરણ માટે ,સ્વસ્થ ભોજન માટે, સ્વસ્થ જીવનશૈલી માટેની જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે પૂર્વ સ્થાઇ ચેરમેન તથા વર્તમાન મ્યુનિ. કાઉન્સિલર ડો.હિતેન્દ્ર પટેલ, ડો.જીગ્નેશ પટેલ, શડો.જયેશ પંડ્યા તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અનોખી પરિવાર ભાવના**

# આવાસ યોજનાના લાભાર્થીઓ સાથે મુખ્યમંત્રી દિવાળીનું પર્વ મનાવશે

**મુખ્યમંત્રી** ભૂપેન્દ્ર પટેલે દિપાવલીના પર્વમાં અનોખી સંવેદનાસભર પરિવારભાવના વધુ એકવાર ઉજાગર કરી

(પ્રતિનિધી) વડોદરા, તા.30

ઉમંગ અને ઉલ્લાસના અજવાળા પાથરતો દીપોત્સવનો આ તહેવાર તેઓ ગાંધીનગરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના પોતિકા ઘરમાં દિવાળી મનાવી રહેલા લાભાર્થી પરિવારો વચ્ચે રહીને, તેમની ખુશાલીમાં સહભાગી થઈને મનાવશે. ગાંધીનગરની આ નમોનારાયણ રેસીડન્સીમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના 1208 આવાસોનું ફેબ્રુઆરી-2024માં લોકાર્પણ થયું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોને પોતીકું આવાસ છત્ર આપવા આ પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરાવી છે.આવી પ્રધાનમંત્રી આવાસ યોજના વસાહતોમાં વસવાટ કરતા પરિવારો સાથે મળીને સૌહાર્દભાવથી રંગેચંગે ઉત્સવો-તહેવારોની ઉજવણી કરતા હોય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવા પરિવારોના સ્વજન તરીકે આ વર્ષની દિવાળીની ઉજવણી પી.એમ.એ.વાય. લાભાર્થીઓ સાથે કરવાનો સંવેદનાસ્પર્શી અભિગમ અપનાવ્યો છે. ગાંધીનગરના સરગાસણની પ્રધાનમંત્રી આવાસ યોજના વસાહત "નમોનારાયણ રેસીડન્સી"ના પરિવારો સાથે દિવાળી ઉત્સવ ઉજવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 31 ઓક્ટોબરે સાંજે 7 કલાકે આ આવાસ યોજના વસાહતની મુલાકાતે જવાના છે. મુખ્યમંત્રીશ્રી આ આવાસ વસાહતમાં દિપાવલી પર્વની ઉજવણીમાં પરિવારો સાથે સ્નેહમિલન દ્વારા નૂતન વર્ષ શુભેચ્છાઓ પણ પાઠવશે. મુખ્યમંત્રીની પ્રેરણાથી મંત્રીમંડળના મંત્રી ઓ પણ રાજ્યના અન્ય શહેરો-ગામોમાં આવા પી.એમ.એ.વાય.ના લાભાર્થી પરિવારો સાથે દિપાવલી ઉત્સવમાં સહભાગી થવાના છે. તદઅનુસાર, મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ વલસાડના ભાગડાવાડામાં પી.એમ.એ.વાય.(શહેરી) ના લાભાર્થીઓ સાથે, મંત્રી ઋષિકેશભાઈ પટેલ મહેસાણાના રંગપુરમાં પી.એમ.એ.વાય.(ગ્રામ્ય) ના લાભાર્થીઓ સાથેદિવાળીના પર્વની ઉજવણી કરશે.

### રાજભવનમાં રંગોળીના રંગોમાં પથરાયો પ્રાકૃતિક ખેતીનો સંદેશ




(પ્રતિનિધી) વડોદરા, તા.30

દિવાળી અને નૂતન વર્ષના તહેવારોમાં રાજભવન રંગોળી અને રોશનીથી દીપી ઉઠ્યું છે... રાજભવનની રંગોળી શોભાની સાથો સાથ સંદેશો પણ આપે છે. લોકોના સ્વાસ્થ્ય, ખેડૂતોની સમૃદ્ધિ તથા હવા-પાણી અને જમીનની જાળવણી માટે ચિંતિત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધારવા સતત પ્રયત્નશીલ છે. રાજભવનમાં વિશાળ રંગોળીના રંગોમાં 'સ્વસ્થ ભવિષ્ય માટે પ્રાકૃતિક કૃષિ'નો સંદેશ પથરાયો છે... રાજ્યપાલશ્રીએ નવા વર્ષમાં પ્રાકૃતિક કૃષિ પેદાશોનો જ ઉપયોગ કરવાનો સંકલ્પ લેવા સૌને અનુરોધ કર્યો છે.

### સ્વામિનારાયણ મંદિર અટલાદરા ખાતે શારદા પૂજન તથા અન્નકુટ ઉત્સવ

વડોદરા.વિક્રમ સંવત ના વર્ષ નો અંતિમ દિવસ એટલે મહા પર્વ દિવાળી અને પ્રથમ દિવસ એટલે નૂતન વર્ષ પ્રારંભ. પ્રતિ વર્ષ ની માફક બી એ પી એસ શ્રી સ્વામિનારાયણ મંદિર અટલાદરા ખાતે તમામ ભાવિકો પોત પોતાના નોકરી, ધંધા, વ્યવસાય વિગેરે ના હિસાબ ના લેખા જોખા માટે ના ચોપડા ઓ નું વેદોક્ત તથા શાસ્ત્રોક્ત પૂજન એક સાથે સમુહમાં કરાવી શકે તે હેતુથી પૂજ્ય સંતો ની ઉપસ્થિતિ માં આગામી તારીખ ૩૧ ઓક્ટોબર ગુરુવાર સાંજે ૦૫.૩૦ વાગ્યે સમુહ શારદા ( ચોપડા) પૂજન નું આયોજન કરવામાં આવ્યું છે. તે જ રીતે નૂતન વર્ષ ના પ્રારંભે ભગવાન ને ધરાવવામાં આવતો ભવ્ય અન્નકૂટ તારીખ ૨ નવેમ્બર શનિવાર સવારે ૧૦.૩૦ થી સાંજે ૦૭.૦૦ સુધી દર્શનાર્થીઓ માટે ખુલ્લો રહેશે.

### નેશનલ માસ્ટર સ્વિમિંગ કોમ્પિટિશનમાં વિજેતા થયેલા વડોદરાના કેટલાક તરવૈયાઓ



વડોદરા. નેશનલ માસ્ટર સ્વિમિંગ કોમ્પિટિશન તાજેતરમાં નાસિક ખાતે 24 ઓક્ટોબરના રોજ યોજાઈ હતી. તેમાં વડોદરાના તરવૈયાઓ ભાગ લીધો હતો.1, ભાવેશભાઈ ભાવસારને ત્રણ ગોલ્ડ મેડલ મેળવેલ છે.2, સુદેશ તેરે દેસાઈ એ ત્રણ બ્રોન્ઝ મેડલ મેળવેલ છે.3, હિમાંશુ દેસાઈએ બે સિલ્વર મેડલ મેળવેલ છે. 4, ડોક્ટર સચિન કુલકર્ણીએ એક ગોલ્ડ એક સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ મેળવેલ છે.


HDFC BANK **એચડીએફસી બેન્ક લિમિટેડ** — પઝેશન અને પર્સનલ ચીજવસ્તુઓ/ઘરવખરીના સામાનના નિકાલ માટેની નોટિસ

**બ્રાન્ચ : એચડીએફસી બેન્ક લિ., ટ્રાયડેન્ટ, રેસકોર્સ, વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૦૭૯-૬૪૮૦૭૯૯૯**

**એચડીએફસી બેન્ક લિ.** ના (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ ના આદેશ મુજબ મંજુર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) અધિકૃત અધિકારીઓને સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ કલમ ૧૩(૧૨), સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચેના બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ, જે અનુસાર તેમના જે તે નામ સામે દર્શાવેલ રકમ સહિત નોટિસમાં દર્શાવાયેલ તે રકમ ઉપરનું વ્યાજ, નોટિસ તારીખથી ૬૦ દિવસમાં ચૂકવી આપવા જણાવાયેલ છે. જે મુજબ પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવી અને/અથવા જમા થાય ત્યાં સુધીના આપવાના રહેશે.

| અનુ. નં. | બોરોઅર/કાયદેસરનાં વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ | તારીખના રોજ બાકી લેણાં* રૂ. | ડિમાન્ડ નોટિસ તારીખ | પઝેશન તારીખ ફીઝિકલ/ સિમ્બોલીક | સ્થાવર મિલકત(તો) / સલામત અસ્કયામત(તો) નું વર્ણન |
|---|---|---|---|---|---|
| (એ) | (બી) | (સી) | (ડી) | (ઈ) | (એફ) |
| ૧ | શ્રી રવિન્દ્રકુમાર એચ. યાદવ (બોરોઅર) શ્રીમતી પ્રીતિ રવિન્દ્રકુમાર યાદવ (કો-બોરોઅર) ૧૬૩૮૦૯ - ૬૧૨૬૧૬૭૦૮ | રૂા.૧૭,૧૮,૪૮૧/- ૩૧ ઓગ., ૨૦૨૩ ના રોજ* | ૨૯ સપ્ટે., ૨૦૨૩ | ૩૦ ઓક્ટો., ૨૦૨૪ ફીઝિકલ | ૩૦૧, અયોધ્યા ફ્લેટ્સ, ટાવર - બી, સ. નં. ૧૨૨/પી, મોતી નગર-૩ પાછળ, ગંગાસાગર રોડ, તરસાલી, વડોદરા - ૩૯૦૦૧૪. |
| ૨ | શ્રી ઓસ્કાર ફ્રાન્સીસ ડીકુઝ (બોરોઅર) શ્રી રેગન ફ્રાન્સીસ ડીકુઝ (કો-બોરોઅર) શ્રીમતી હીલ્ડા ફ્રાન્સીસ ડીકુઝ (કો-બોરોઅર) ૧૭૩૯૫૦ - ૬૨૩૭૬૩૩૮૭ | રૂા.૧૯,૩૩,૪૬૧/- ૩૧ જાન્યુ., ૨૦૨૪ ના રોજ* | ૧૯ ફેબ્રુ., ૨૦૨૩ | ૩૦ ઓક્ટો., ૨૦૨૪ ફીઝિકલ | ફ્લેટ - ૩૦૨, સન્ની સાઇડ એપાર્ટમેન્ટ, સીએસ - ૨, ટીક્કા ૧/૧૨, પ્રતિક્ષા ફ્લેટ્સ પાસે, ફતેહસાગર કોમ્પલેક્ષ પાછળ, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨. |
| ૩ | શ્રી અરવિંદભાઇ રાઠવા (બોરોઅર) શ્રીમતી નીરૂબેન અરવિંદભાઇ રાઠવા (કો-બોરોઅર) ૧૭૦૬૮૦ - ૬૪૯૫૯૫૩૪૬ | રૂા.૨૭,૮૩,૦૮૮/- ૩૧ જાન્યુ., ૨૦૨૪ ના રોજ* | ૧૯ ફેબ્રુ., ૨૦૨૩ | ૩૦ ઓક્ટો., ૨૦૨૪ ફીઝિકલ | ટેનામેન્ટ - ઇ-૧-૧૩૬, રત્ન હીવન, સ. નં. બ્લોક નં. ૯૯-૧૦૩, ૧૨૨, ૧૨૪/એ-૨૭૮/૧, ઓલ્સ્ટમ પ્રોજેક્ટ લિ. સામે, કપુરાઇ ક્રોસિંગથી ૧.૫ કિમી, વડોદરા - ડભોઇ રોડ, વડોદરા - ૩૯૦૦૦૪. |
| ૪ | શ્રી ઠાકોરભાઇ એન. પટેલ (બોરોઅર) શ્રી અમિતકુમાર ઠાકોરભાઇ પટેલ (કો-બોરોઅર) શ્રીમતી મીનાબેન ઠાકોરભાઇ પટેલ (કો-બોરોઅર) શ્રી કિરણભાઇ નાગજીભાઇ પટેલ (ગેરંટર) ૧૬૩૮૧૨ - ૬૩૧૭૧૫૩૧૦ | રૂા.૨૬,૫૯,૫૮૬/- ૩૧ જુલાઇ, ૨૦૨૩ ના રોજ* | ૧૮ ઓગ., ૨૦૨૩ | ૩૦ ઓક્ટો., ૨૦૨૪ ફીઝિકલ | ડુપ્લેક્ષ - ૨૦, સંસ્કાર દર્શન, સ. નં. ૧૮૭, જીઇબી સબ સ્ટેશન પાછળ, ને. હા. ૮, જાંબુઆ, વડોદરા - ૩૯૦૦૧૪. |

* લાગુ પડતા વધારાના વ્યાજ સાથે, પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવણી/જમા થાય ત્યાં સુધીના ગણાશે.

જો કે, અહીં ઉપર દર્શાવેલ બોરોઅર/કાયદેસરના વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) બાકી લેણી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે, તેથી આ સાથે ઉપરોક્ત બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, **એચડીએફસી**ના અધિકૃત અધિકારી દ્વારા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ અને ઉપરોક્ત નિયમના નિયમ ૮ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી, ઉપરોક્ત તારીખોએ અહીં ઉપર દર્શાવેલ સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટનો **કબજો** મેળવી લેવામાં આવેલ છે.

અહીં ઉપરોક્ત બોરોઅર/કાયદેસર વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટ સાથેનો કોઈ સોદો કરાશે તો તે **એચડીએફસી**ના ગિરો હક્કને આધિન રહેશે.

બોરોઅર(સં) / કાયદેસરના વારસ (દારો) / કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું ધ્યાન દોરવામાં આવે છે કે એક્ટની કલમ-૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ અનુસાર સમય રહેતાં પોતાની સલામત અસ્કયમાત/તો છોડાવી લે.

કરવામાં આવેલ પંચનામું અને તૈયાર કરાયેલ ઈન્વેન્ટરી નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે; અને ઉપરોક્ત બોરોઅર(સં) / કાયદેસરના વારસ (દારો)/ કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વિનંતી છે કે જે તે નકલ નીચે સહી કરનાર પાસેથી કામકાજના દિવસોએ કામકાજના સમય દરમિયાન મેળવી લે.

વધુમાં, **એચડીએફસી** દ્વારા ઉપરોક્ત બોરોઅર(સં) / કાયદેસરના વારદાર(રો) / કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નો એચડીએફસીના રેકોર્ડ મુજબના તેમના છેલ્લા જાણીતાં સરનામે સંપર્ક ના થઈ શકવાનાં કારણે આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ઉપર્યુક્ત સ્થાવર મિલકત (મિલકતો) / સિક્યોર્ડ મિલકત (મિલકતો) નો કબજો લેતી વખતે **એચડીએફસી**ના અધિકૃત અધિકારીશ્રી દ્વારા ત્યાં રહેલ અંગત સરસામાન અને ઘરવપરાશની ચીજવસ્તુઓની વિગતવાર યાદી તૈયાર કરવામાં આવેલ છે. જેની નકલ કોઈપણ કામકાજના દિવસે ઓફિસના સમયમાં નીચે સહી કરનાર પાસેથી મેળવી શકાશે.

આ સંજોગોમાં આ નોટિસ દ્વારા ઉપર્યુક્ત બોરઅર (બોરોઅર્સ) / કાનૂની વારસ (વારસો) / કાનૂની પ્રતિનિધિ (પ્રતિનિધિઓ)ને નિર્દિષ્ટ સ્થાવર મિલકત (મિલકતો)માં / સિક્યોર્ડ મિલકત (મિલકતો) માં પડી રહેલ અંગત સરસામાન / ઘરવપરાશની વસ્તુઓ જે - તે તારીખથી **૧૦ (દસ) દિવસ** સુધીમાં ખસેડી લેવાનું જણાવવામાં આવે છે.

**તારીખ : ૩૦-૧૦-૨૦૨૪**
**સ્થળ : વડોદરા**

**વતી, એચડીએફસી બેન્ક લિ.**
**સહી/-**
**અધિકૃત અધિકારી**

**રજિ. ઓફિસ : એચડીએફસી બેન્ક લિ., એચડીએફસી બેન્ક હાઉસ, સેનાપતી બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩.**
**CIN : L65920MH1994PLC080618, Website: www.hdfcbank.com**